Linear Technologies
206, Jagruti Industrial Estate, Mogul Lane, Mahim (W), Mumbai 400016. INDIA.
Tel : +91-22-24300096 / 7. Fax : +91-22-24300098. Email : sales@lineartechindia.com

| | |
|---|---|
| **PUBLICATION** | **Mid-Day (Gujarati)** |
| **EDITION** | **Mumbai** |
| **DATE** | **11 June 2009** |
| **PAGE NO** | **4** |

# આગ લાગે ત્યારે બચાવતો કૂવો





હાઇરાઇઝ બિલ્ડિંગમાં આગ લાગે ત્યારે સુરક્ષાના ઉપાય તરીકે ઉપયોગમાં લેવામાં આવતા ખાસ પ્રકારના ફાયર એસ્કેપ શૂટ (chute-આગથી બચાવતું ઢાળવાળું ઉપકરણ)નું ગઈ કાલે ચીફ ફાયર ઑફિસર પી. ડી. કરગુપ્પીકરે ડેમોન્સ્ટ્રેશન કર્યું હતું. ગોદરેજ પ્રૉપર્ટીઝના ૪૮ માળના હાઇરાઇઝ બિલ્ડિંગમાં ગોઠવવામાં આવેલા આ ફાયર એસ્કેપ શૂટ વિશે પી. ડી. કરગુપ્પીકરે કહ્યું હતું કે 'હાઇરાઇઝ બિલ્ડિંગમાં આગ લાગે ત્યારે ઘણી વાર ધુમાડાને કારણે સ્ટેરકેસથી ઊતરવું શક્ય ન હોય ત્યારે ઘણા લોકો અટવાઈ જતા હોય છે. આમાં જાનહાનિનું પ્રમાણ વધી શકે છે એટલે આવી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા આ ફાયર એસ્કેપ શૂટ ઉપયોગી થઈ પડે છે. આ શૂટ ખાસ પ્રકારના મટીરિયલમાંથી બનાવવામાં આવે છે. એના ત્રણ લેયરમાંથી સૌથી બહારનું લેયર ૭૦૦ ડિગ્રી સુધીની ગરમી સહી શકે એવું હોય છે. આ શૂટમાં એક કોથળી હોય છે જે ત્રીસ ફૂટની છે. એની બૉટમમાં કુશન રાખવામાં આવ્યા છે જેથી એમાં બચીને આવનારને પડવાથી ઈજા ન થાય.'